**પ્રસાર ભારતી**

**સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ**

Date : 30-08-2024 Evening : 7.50 to 8.00
Day : Firday National News

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

*******************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતનું ફિનટેક સેક્ટર વૈશ્વિક સ્તરે લોકો માટે જીવન સરળ બનાવશે. – તેમણે મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં વાઢવાણ બંદર પરિયોજના અને 218 મત્સ્યઉદ્યોગ પરિયોજનાના ઉદ્ઘાટન શિલાન્યાસ કર્યા,
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી દર્શાવશે. તેમજ ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે.
- કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે ગુજરાતના ગાંધીનગરથી સાતમાં "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી પ્રારંભ કરાવશે.
- ગુજરાતના કચ્છમાં અસના ચક્રવાતનું સંકટ ટળ્યું છે.
- વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે કહ્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ પૂરો થઈ ગયો છે. દરેક દેશને તેના પડોશીઓ સાથે પડકારોનો સામનો કરવો પડે છે.
- પેરિસમાં પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતે આજે એક સુવર્ણ અને બે કાંસ્ય સહિત ત્રણ ચંદ્રક જીત્યા છે.

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**MUMBAI-PM**

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ભારતનું ફિનટેક સેક્ટર વૈશ્વિક સ્તરે લોકો માટે જીવન સરળ બનાવશે. પ્રધાનમંત્રીએ આજે મુંબઈમાં વિશેષ ગ્લોબલ ફિનટેક ફેસ્ટિવલ-2024ને સંબોધિત કર્યું હતું.. તેમણે કહ્યું કે વિશ્વના અડધા વાસ્તવિક સમયના ડિજિટલ વ્યવહારો ભારતમાં થાય છે. પ્રધાનમંત્રીએ  કહ્યું કે ફિનટેકે નાણાકીય સેવાઓમાં  મહત્વની ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે ડિજિટલ ટ્રાન્ઝેક્શનથી સમાંતર અર્થતંત્રનો ખતરો ઓછો થયો છે અને બેન્કિંગ સિસ્ટમમાં પારદર્શિતા વધી છે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતમાં ફિનટેક દ્વારા લાવવામાં આવેલ પરિવર્તન માત્ર ટેક્નોલોજી પૂરતું મર્યાદિત નથી પરંતુ આ પહેલ દૂરગામી સામાજિક અસર ધરાવે છે. શ્રી મોદીએ ભારતના ફિનટેકની પ્રશંસા કરતા કહ્યું કે, ઉદ્યોગે છેલ્લા દાયકામાં $31 અબજથી વધુનું વિક્રમી રોકાણ મેળવ્યું છે. આ વધારો 500 ટકાથી વધુ છે.

આ પ્રસંગે ભારતીય રિઝર્વ બેંકના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું કે ભારત હવે પરિવર્તનના શિખરે છે જ્યાં ટેકનોલોજી દરેક નાગરિકની આકાંક્ષાઓને પૂર્ણ કરશે.

## EVE.-PM---VADHVAN-PORT

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં વાઢવાણ બંદર પરિયોજના અને 218 મત્સ્યઉદ્યોગ પરિયોજનાના  ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા,  વાઢવાણ બંદર પરિયોજનાનો  કુલ ખર્ચ અંદાજે 76 હજાર કરોડ રૂપિયા છે. આ અવસરે શ્રી મોદીએ કહ્યું કે તેનો ઉદ્દેશ્ય વિશ્વસ્તરીય ગેટવે વિકસાવવાનો છે. શ્રી મોદીએ કહ્યું કે સરકાર વાઢવાણ બંદરને રેલ્વે અને ધોરીમાર્ગ સાથે જોડશે અને આ બંદર કન્ટેનર જહાજોની જરૂરિયાતો પણ પૂરી કરશે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રની વિકાસયાત્રામાં આજનો દિવસ ઐતિહાસિક છે. તેમણે સિંધુદુર્ગમાં છત્રપતિ શિવાજી

મહારાજની પ્રતિમા પડવાની ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું અને માફી માંગી. તેમણે કહ્યું કે શિવાજી અમારા માટે પૂજનીય દેવ છે.

## PM-VANDE-BHARAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વીડિયો માધ્યમ દ્વારા ત્રણ વંદે ભારત ટ્રેનોને લીલી ઝંડી આપશે. 'મેક ઈન ઈન્ડિયા' અને આત્મનિર્ભર ભારતના વિઝનને સાકાર કરતી, અત્યાધુનિક વંદે ભારત એક્સપ્રેસ ત્રણ રૂટ, મેરઠ-લખનૌ, મદુરાઈ-બેંગલુરુ અને ચેન્નાઈ-નાગરકોઈલ પર સંપર્ક સુધારશે. આ નવી વંદે ભારત ટ્રેનો ત્રણ રાજ્યો ઉત્તર પ્રદેશ, તમિલનાડુ અને કર્ણાટકમાં લોકોને મુસાફરી અને સગવડના વિશ્વસ્તરીય માધ્યમો પ્રદાન કરશે. આ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોની રજૂઆત નિયમિત પ્રવાસીઓ, વ્યાવસાયિકો, ઉદ્યોગપતિઓ અને વિદ્યાર્થી સમુદાયની જરૂરિયાતોને પૂરી કરવા માટે રેલ્વે સેવાના નવા ધોરણની શરૂઆત કરશે

## PM-JUDICIARY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં ભારત મંડપમ ખાતે જિલ્લા ન્યાયતંત્રની રાષ્ટ્રીય પરિષદનું ઉદ્ઘાટન કરશે. આ પ્રસંગે, પ્રધાનમંત્રી સર્વોચ્ચ અદાલતની સ્થાપનાના 75 વર્ષની યાદગીરીમાં ટપાલ ટિકિટ અને સિક્કો બહાર પાડશે. સર્વોચ્ચ અદાલત દ્વારા આયોજિત બે દિવસીય કોન્ફરન્સમાં માળખાકીય સુવિધાઓ, સર્વસમાવેશક કોર્ટરૂમ, ન્યાયિક સુરક્ષા અને તાલીમ સહિતના જિલ્લા ન્યાયતંત્રના મુદ્દાઓ પર પાંચ સત્રો યોજાશે.

આ પ્રસંગે મુખ્ય ન્યાયાધીશ, કેન્દ્રીય કાયદા અને ન્યાય મંત્રી અને એટર્ની જનરલ પણ હાજર રહેશે.

## POSHAN MAS

કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવી આવતીકાલે ગુજરાતના ગાંધીનગરથી સાતમાં "રાષ્ટ્રીય પોષણ માસ"ની ઉજવણીનો દેશવ્યાપી

પ્રારંભ કરાવશે. મહાત્મા મંદિરમાં યોજાનારા આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ મહિલા અને બાળ કલ્યાણ મંત્રી ભાનુબેન બાબરિયા પણ ઉપસ્થિત રહેશે.

આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે અન્નપ્રાશન, સગર્ભા, ધાત્રી માતા અને કિશોરીઓને પોષણ બાસ્કેટ વિતરણ કરાશે અને વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાય વિતરણ પણ કરાશે. પોષણ માસ અંતર્ગત દેશભરમાં પોષણ આધારીત વિવિધ થીમ પર અનેકવિધ કાર્યક્રમો યોજાશે.

ઉલ્લેખનીય છે કે, સ્વસ્થ ભારતના નિર્માણની દિશામાં દેશની મહિલાઓ અને બાળકોમાં પોષણને સુનિશ્ચિત કરવા માટે કેન્દ્ર સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા વર્ષ ૨૦૧૭-૧૮થી રાષ્ટ્રીય પોષણ માસની ઉજવણી કરવામાં આવે છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

## GUJARAT-CYCLONE

ગુજરાતના કચ્છમાં અસના ચક્રવાતનું સંકટ ટળ્યું છે. અરબી સમુદ્રમાં રચાયેલ હવાનું તીવ્ર દબાણ પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે. અને આગામી 6 કલાકમાં ચક્રવાતી વાવાઝોડામાં ફેરવાઈ જશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, તે પશ્ચિમ તરફ આગળ વધીને કચ્છ અને પાકિસ્તાનના દરિયાકાંઠે ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રમાં ઊંડું થવાની સંભાવના છે. અસના ચક્રવાત ભારતીય દરિયાકાંઠાને અસર કરે તેવી શક્યતા નથી કારણ કે તે આગામી બે દિવસમાં તેનાથી દૂર જવાની ધારણા છે. દરમિયાન, કચ્છના જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સંભવિત ચક્રવાતને પહોંચી વળવા

તૈયારીઓ કરી લેવામાં આવી છે અને નજીકના ઝૂંપડાઓમાં રહેતા લોકોને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા છે. વાવાઝોડાને કારણે દરિયાની સ્થિતિ વધુ વણસી જવાની આશંકા હોવાથી મુન્દ્રા, કંડલા અને જખૌ બંદરો પર ચેતવણીના સંકેતો મુકવામાં આવ્યા છે. અમારા સંવાદદાતા જણાવે છે કે આજે કચ્છ જિલ્લામાં બહુ ઓછો વરસાદ થયો હતો.

આ અંગે વધુ માહીતી આપે છે. અમદાવાદ હવામાન વિભાગના નિયામક

## (બાઇટ-અશોકકુમાર દાસ)

## JAISHANKAR---PAK

વિદેશ મંત્રી ડૉ.એસ.જયશંકરે કહ્યું છે કે પાકિસ્તાન સાથે વાતચીતનો યુગ પૂરો થઈ ગયો છે. દરેક દેશને તેના પડોશીઓ સાથે પડકારોનો સામનો કરવો પડે છે.

આજે, નવી દિલ્હીમાં એક પુસ્તક વિમોચન પ્રસંગે, વિદેશ મંત્રીએ કહ્યું કે ભારત પાકિસ્તાનને લઈને સંપૂર્ણ રીતે સભાન છે. દરેક ક્રિયાના પરિણામ હોય છે, વિકાસ સારો હોય કે ખરાબ, ભારત પ્રતિક્રિયા આપશે. તેમણે કહ્યું કે જમ્મુ-કાશ્મીરમાં કલમ 370 નાબૂદ કરવામાં આવી છે.

બાંગ્લાદેશ અંગે તેમણે કહ્યું કે પાડોશી દેશમાં રાજકીય પરિવર્તનો વચ્ચે ભારતે પોતાના હિત પર ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. માલદીવ સાથે ભારતના સંબંધો પર તેમણે કહ્યું કે માલદીવ પ્રત્યે ભારતના અભિગમમાં ઉતાર-ચઢાવ આવ્યા છે.

અફઘાનિસ્તાન સાથેના ભારતના સંબંધોનો ઉલ્લેખ કરતા ડૉ. જયશંકરે કહ્યું હતું કે સામાજિક સ્તરે લોકો-થી-લોકોના સંબંધો મજબૂત છે અને ભારત તેના હિતને લઈને સભાન છે.

## NEW-PARALYMPICS---3-MEDALS

પેરિસમાં પેરાલિમ્પિક ગેમ્સમાં ભારતે આજે એક સુવર્ણ અને બે કાંસ્ય સહિત ત્રણ ચંદ્રક જીત્યા છે.

અવની લેખારાએ મહિલાઓની 10 મીટર એર રાઈફલ (SH1) ઈવેન્ટમાં ગેમ્સ રેકોર્ડ 249.7 સાથે સુવર્ણ જીત્યો, જ્યારે મોના અગ્રવાલે 228.7ના કુલ સ્કોર સાથે કાંસ્ય મેળવ્યો. અવનીએ 2020 માં ટોક્યો પેરાલિમ્પિક્સમાં ઇતિહાસ રચ્યો હતો જ્યારે તે રમતોની એક જ આવૃત્તિમાં ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા બની હતી. તેણીએ ત્યાં એસએચ1 કેટેગરીમાં 10 મીટર એર રાઇફલ સુવર્ણ અને 50 મીટર રાઇફલ થ્રી-પોઝિશન કાંસ્ય જીત્યો.

પ્રીતિ પાલે પણ મહિલાઓની 100 મીટર સ્પ્રિન્ટ T35 ફાઇનલમાં 14.21 સેકન્ડના વ્યક્તિગત શ્રેષ્ઠ સમય સાથે કાંસ્ય ચંદ્રક જીત્યો હતો.

નિશાનેબાજ મનીષ નરવાલે પુરુષોની 10 મીટર એર પિસ્તોલ SH1ની ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. તેમણે ક્વોલિફિકેશન રાઉન્ડમાં કુલ 565-12x સાથે 5મું સ્થાન મેળવ્યું હતું. સુહાસ યથિરાજ તેની બીજી ગ્રુપ A બેડમિન્ટન મેચ દક્ષિણ કોરિયાના ક્યુન હ્વાન શિન સામે સીધી ગેમમાં જીતીને સેમિફાઇનલમાં છે. તે પુરુષોની સિંગલ્સ SL4 કેટેગરીમાં ભાગ લઈ રહ્યા છે. નિતેશ કુમારે પેરા બેડમિન્ટન સ્પર્ધામાં સેમિફાઇનલ માટે ક્વોલિફાય કરવા માટે તેની બીજી પુરુષોની સિંગલ્સ SL3 ગ્રૂપ A મેચમાં ચીનના યાંગ જિયાન્યુઆનને સીધી ગેમમાં હરાવી.

## PM--AVANI-MONA

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેરિસ પેરાલિમ્પિક્સમાં 10 મીટર એર રાઈફલ SH-1 ઈવેન્ટમાં સુવર્ણ ચંદ્રક જીતવા બદલ અવની લેખરાને અભિનંદન પાઠવ્યા છે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે અવનીએ ત્રણ પેરાલિમ્પિક ચંદ્રક જીતનારી પ્રથમ ભારતીય મહિલા ખેલાડી બનીને ઈતિહાસ રચ્યો છે. શ્રી મોદીએ તેમના સમર્પણની પ્રશંસા કરી. તેમણે મોના અગ્રવાલને કાંસ્ય ચંદ્રક જીતવા બદલ

અભિનંદન પણ પાઠવ્યા હતા. શ્રી મોદીએ કહ્યું કે દેશને તેમની નોંધપાત્ર સિદ્ધિઓ, તેમના સમર્પણ અને શ્રેષ્ઠતા પર ગર્વ છે.

## EVE-VP-WOMEN

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે કહ્યું છે કે મહિલાઓના વિકાસ પર જ રાષ્ટ્રનો વિકાસ શક્ય છે. તેઓ આજે દિલ્હી યુનિવર્સિટીની ભારતી કોલેજમાં "વિકસિત ભારતમાં મહિલાઓની ભૂમિકા" વિષય પર વિચારોના આદાનપ્રદાન સત્રને સંબોધી રહ્યા હતા. શ્રી ધનખડે કહ્યું કે વિકસિત ભારતના નિર્માણમાં મહિલાઓ સૌથી મહત્વપૂર્ણ ભાગીદાર છે. તેમણે કહ્યું કે છોકરીઓ અને મહિલાઓ શક્તિશાળી છે, તેમની વધુ ભાગીદારીથી જ સામાજિક વાતાવરણ સુધરે છે. ઉપરાષ્ટ્રપતિએ મહિલા સશક્તિકરણમાં નેતૃત્વ પર ભાર મૂક્યો હતો. કોલકાતા દુષ્કર્મ અને હત્યાની ઘટના પર દુખ વ્યક્ત કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેને સંસ્કારી સમાજ કહી શકાય નહીં જ્યાં મહિલાઓ અને છોકરીઓ સલામતી અનુભવતી નથી. તેમણે લોકોને અપીલ કરી હતી કે આવી અપમાનજનક અને હિંસક ઘટનાઓને ક્યારેય સાંખી લેવામાં ન આવે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સમાન નાગરિક સંહિતા બંધારણીય આદેશ છે અને નિર્દેશક સિદ્ધાંતોનો એક ભાગ છે. તેમણે કહ્યું કે આનાથી મહિલાઓને ન્યાય મળશે. તેમણે કહ્યું કે ભારત એક પરિપક્વ, અત્યાધુનિક અને ઔપચારિક અર્થતંત્ર બનવા તરફ ઝડપથી આગળ વધી રહ્યું છે. ઉપરાષ્ટ્રપતિએ એમ પણ કહ્યું કે દેશ એક મજબૂત ઔદ્યોગિક રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યો છે.

## COLOMBO-SECURITY-CONCLAVE

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલે પરંપરાગત, બિન-પરંપરાગત અને ઉભરતા હાઇબ્રિડ સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે કોલંબો સુરક્ષા પરિષદના મહત્વ પર ભાર મૂક્યો છે. તેઓએ વિવિધ સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે સતત પ્રાદેશિક સહકારની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

શ્રી ડોભાલે આ વાત કોલંબો સુરક્ષા પરિષદના સ્થાપક દસ્તાવેજો પર હસ્તાક્ષર દરમિયાન કહી હતી. આનાથી ભારત, માલદીવ, મોરેશિયસ અને શ્રીલંકા વચ્ચે પ્રાદેશિક સુરક્ષા સહયોગમાં નોંધપાત્ર પ્રગતિ થશે. ડિસેમ્બર 2023માં મોરેશિયસમાં મળેલી બેઠક બાદ કોલંબોમાં સંમેલનના ચાર્ટર અને સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ કરારનો હેતુ હિંદ મહાસાગર ક્ષેત્રમાં સુરક્ષા અને સ્થિરતાના પડકારોને પહોંચી વળવામાં જૂથની ભૂમિકાને વધારવાનો છે.

કોલંબોની મુલાકાત દરમિયાન, શ્રી ડોભાલ શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે, પ્રધાનમંત્રી  દિનેશ ગુણવર્દને અને શ્રીલંકા, માલદીવ અને મોરેશિયસના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારોને મળ્યા હતા.

## CABINET-SECRETARY--CHARGE

ભારતીય વહીવટી સેવાના વરિષ્ઠ અધિકારી ડો. ટી.વી. સોમનાથને આજે રાજીવ ગૌબાની નિવૃત્તિ બાદ નવા કેબિનેટ સચિવ તરીકેનો કાર્યભાર સંભાળ્યો છે. તમિલનાડુ કેડરના 1987 બેચના IAS અધિકારી ડો. સોમનાથન પ્રધાનમંત્રી કાર્યાલયમાં જોઈન્ટ સેક્રેટરી અને એડિશનલ સેક્રેટરી સહિતના મહત્વના હોદ્દા પર રહી ચૂક્યા છે. તેમણે કોર્પોરેટ બાબતોના મંત્રાલયમાં સંયુક્ત સચિવ તરીકે પણ સેવા આપી હતી.. કેબિનેટ સચિવ તરીકે તેમની નિમણૂક પહેલા, તેમણે નાણાં સચિવ અને ખર્ચ વિભાગના સચિવના હોદ્દા સંભાળ્યા હતા.

## PM--BRUNEI---SINGAPORE

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી મંગળવારથી બ્રુનેઈ અને સિંગાપોરની ત્રણ દિવસની મુલાકાતે જશે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા, વિદેશી બાબતોના

પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે શ્રી મોદી બ્રુનેઈના સુલતાન હાજી હસનલ બોલ્કિયાના આમંત્રણ પર ૩ સપ્ટેમ્બરે બ્રુનેઈ દારુસલામની મુલાકાત લેશે. શ્રી જયસ્વાલે કહ્યું કે કોઈપણ ભારતીય પ્રધાનમંત્રીની આ પ્રથમ દ્વિપક્ષીય મુલાકાત હશે. તેમણે કહ્યું કે આ મુલાકાત ભારત અને બ્રુનેઈ વચ્ચે રાજદ્વારી સંબંધોની 40મી વર્ષગાંઠના અવસર પર થઈ રહી છે.